કોંગ્રેસની નવસર્જન કિનારા બચાવો ઝુંબેશ આજથી શરૂ

અમદાવાદ, તા. ૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત નવસર્જન ગુજરાત કિનારા બચાવ અભિયાનની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. કિનારા બચાવો અભિયાન બોટ યાત્રાનો પ્રારંભ તા. ૦૩.૦૫.૨૦૧૭ બુધવારના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે કચ્છ જીલ્લાના માંડવી બંદર ખાતે સાગર ખેડુ જનસભાને સંબોદન કર્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી ઝંડી ફરકાવીને કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાની આગેવાનીમાં માચ્છીમાર તથા વરિષ્ઠ આગેવાનો સાથે બોટયાત્રામાં સાથે જોડાશે. ૩૦ જેમાં બંદરો ઉપર અલગ અલગ સ્થળોએ સાગરખેડુ જનસભાને વિધાનસભા વિરોધપક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા, પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, વિધાનસભા વિરોધપક્ષના પૂર્વ નેતા ધારાસભ્ય શક્તિસિંહજી ગોહીલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. તુષારભાઈ ચૌધરી, સાંસદ મધુસુદન ભાઈ મિસ્ત્રી, પૂર્વ સાંસદો સર્વ જગદીશભાઈ ઠાકોર, કુંવરજીભાઈ બાવળીયા, વરિષ્ઠ આગેવાન ગૌરવભાઈ પંડ્યા સહિતના આગેવાનો સંબોધન કરશે અને યાત્રામાં અનુકુળતા પ્રમાણે જોડાશે. બોટ યાત્રાને સમાપન કાર્યક્રમ અને સાગરખેડુ જનસભા તા. ૧૨.૦૫.૨૦૧૭ના રોજ સાંજે કોંગ્રેસ અધ્યક્ષાના રાજકીય સચિવ અને સંસદસભ્ય અહમદભાઈ પટેલની હાજરીમાં સંપન્ન થશે.

શંકરસિંહને કોંગ્રેસ ચૂંટણી સમિતિના ચેરમેન બનાવશે

વરિષ્ઠ નેતા શંકરસિંહ આ ઓફર નહી સ્વીકારે તો કોંગ્રેસ પાર્ટી તડાફડીના એધાણ : પ્રદેશ સંગઠનના માળખામાં પણ ધરખમ ફેરફારના સ્પષ્ટ સંકેતો

અમદાવાદ, તા. ૨

ગુજરાત કોંગ્રેસના છેલ્લા કેટલાક સમયથી સર્જાયેલા આંતરીક મતભેદોને પગલે કોંગ્રેસની સ્થિતિ દિનપ્રતિદિન વધુ નબળી થતા છેવટે કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાતનો પ્રશ્ન તાબડતોબ હાથ પર લેવાનું નક્કી કર્યું છે અને આ સંદર્ભમાં ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી તથા વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને તા. પમે ના રોજ દિલ્હી બોલાવ્યા હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. જેમાં ગુજરાતના પ્રદેશ માળખામાં ધરમુળથી ફેરફાર કરી શંકરસિંહ વાઘેલાને ચૂંટણી પ્રચાર સમિતિના ચેરમેન બનાવવામાં આવે તેવી જોરદાર અટકળો વહતી થઈ હતી.

કોંગ્રેસના વર્તુળો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ શંકરસિંહ વાઘેલાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવા હાઈકમાન્ડ ઉપર દબાણ કરવા ઉપ જેટલા ધારાસભ્યો ની શંકરસિંહના નિવાસ્થાને મળેલી બેઠક બાદ હાઈકમાન્ડ ચૌકી ઉઠ્યુ હતું. આ સંદર્ભમાં શંકરસિંહ વાઘેલાએ પક્ષના હાઈકમાન્ડને તા. ૧૦મે સુધીમાં નિર્ણય લેવાની મહેતલ આપી હતી. જેમાં શંકરસિંહની માંગણીઓ સ્વીકારવા જોરદાર દબાણ કરવામાં આવ્યું હતું. પક્ષમાં છેલ્લા ઘણા સમયથી બધુ હેમખેમ નથી તેવી કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને પણ અગાઉ જાણ થતા તેમને તેમના ખાસ દુતને અમદાવાદ મોકલી પક્ષની આંતરિક ગતિવિધીનો અહેવાલ મેળવ્યો હતો. જેનાં પગલે શંકરસિંહને મહત્તમ ધારાસભ્યનું સમર્થન હોવાનું ચિત્ર ઉપસ્યુ હતું. આ સ્થિતિમાં જો શંકરસિંહને મુખ્યમંત્રી મંત્રી પદના ઉમેદવાર જાહેર કરવામાં આવે તો પક્ષના મુળ કોંગ્રેસીઓમાં ભારે અસંતોષ ફેલાય અને તેની ચૂંટણી ઉપર સીધી અસર થશે તેવો કોંગ્રેસના નેતાઓએ ભય વ્યકત કર્યો હોવાથી છેવટે શંકરસિંહને ચૂંટણી સમિતિના ચેરમેન બનાવવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. જોકે આ અંગે હજુ સુધી શંકરસિંહ વાઘેલાએ તેમની કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ તા. પમી મેની દિલ્હી હાઈકમાન્ડ સાથેની મિટિંગ બાદ ગુજરાત કોંગ્રેસનુ ચિત્ર વધુ સ્પષ્ટ બનશે.

જોકે આ મિટિંગ બાદ તુરંત જ પ્રદેશ સંગઠનમાં કેટલાક મહત્વનાં ફેરફારો ઉપરાંત શહેર-જીલ્લા પ્રમુખોની ખાલી જગ્યાઓ તાબડતોબ ભરવામાં આવશે તેવાં પણ સંકેતો સુત્રો વ્યકત કરી રહ્યા છે. જો શંકરસિંહ વાઘેલા હાઈકમાન્ડની આ ઓફર નહી સ્વીકારે તો કોંગ્રેસમાં ભારે ઉથલપાથલ સર્જાશે તેવી પણ અટકળો વહેતી થઈ છે.

કૃષ્ણા ઘાટીમાં બે ભારતીય જવાનોના મૃતદેહ સાથે અમાનવીય કૃત્ય પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યા બાદ આને લઈને વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ ગઈ છે. આક્રોશનું મોજુ ફરી વળ્યું છે. વિહિપ અને બજરંગ દળે દેખાવો કર્યા હતા.

રહેણાંકના ૧૦૦ ચો.વારના ફ્રી પ્લોટની યોજનામાં સુધારો

અમદાવાદ, તા. ૨

પ્રગતિશીલ ગુજરાતમાં સૌનો સાથ સૌનો વિકાસની ભાવના અંતર્ગત લોકકલ્યાણકારી યોજના અમલમાં મુકવાનાંશુભ આશયથી રાજય સરકાર દ્વારા હાલમાં પ્રવર્તમાન મફત પ્લોટ આપવાની નીતિમાં સુધારો કરીને ૧લી મે-૨૦૧૭ના ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે નવી નિતી અમલમાં મુકવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા પ્લોટ અથવા ઘર વિહોણા લાભાર્થીઓને વિનામુલ્યે ૧૦૦ ચો.વારનો ઘરથાળનો પ્લોટ ઉપલબ્ધ કરાવવાની રાજય સરકારની નેમ છે. ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતાં પ્લોટ અથવા ઘર વિહોણા બીપીએલમાં નોંધાયેલ ખેત મજુરો તેમજ ગ્રામ્ય કારીગરોને ૧૦૦ ચો.વારનો વિના મુલ્યે પ્લોટ આપવાની યોજના અમલમાં હતી. આ યોજના અંતર્ગત રાજય સરકાર ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા તમામ મળવાપાત્ર પ્લોટ વિહોણા લાભાર્થીઓને મફત પ્લોટ યોજના અંતર્ગત ૧૬,૯૭,૦૩૦ લાભાર્થીઓને યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં મફત પ્લોટો ફાળવવામાં આવ્યા છે.

અન્નેઉલ્લેખનીય છે કે, આ યોજના અંતર્ગત કેટલીક જોગવાઈઓને કારણે ગ્રામ્ય વિસ્તારનાં પ્લોટ અથવા ઘર વિહોણા જરૂરીયાતમંદ લાભાર્થીઓને લાભ મળી શકતો ન હતો. જેમકે પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભાર્થી હોય પરંતુ પોતાનો માલિકીનો પ્લોટ ન હોવાને કારણે અથવા તો બીપીએલમાં યાદીમાં નામ ન હોવાના કારણે પ્લોટ ફાળવી શકાતો ન હતો જેને કારણે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળી શકતો નથી. પરિણામે ગ્રામ્ય વિસ્તારના પ્લોટ અથવા ઘર વિહોણા જરૂરીયાતમંદ લાભાર્થીઓ ધ્વારા તેમની રજુઆતો સરકારમાં મળતી હોવાના કારણે રાજય સરકાર ધ્વારા અમલી હાલની નીતિમાં સુધારા કરવાનું આવશ્યક જણાતા યોગ્ય સુધારાઓ કરી ગ્રામ્ય વિસ્તારના પાત્રતા ધરાવતા લોકોને સરળતાથી પ્લોટ ઉપલબ્ધ થઈ શકે તે માટે રાજય સરકારે તા. ૦૧.૦૫.૨૦૧૭ના ઠરાવથી નવી નિતી અમલી બનાવી છે. નવી નીતિ મુજબ કુટુંબની વ્યાખ્યામાં પુખ્તવયનો વ્યક્તિ, તેના પતિ પત્ની (જો હોય તો) તેના સગીર બાળકોને પણ લાભ મળી શકશે. ગ્રામ વિસ્તારની વ્યાખ્યામાં વિસ્તાર વિકાસ સત્તા મંડળ શહેરી વિકાસ સત્તા મંડળનાં વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ નથી જે અગાઉ કરવામાં આવેલ હતો. બીપીએલ યાદી હેઠળ નોંધાયેલ હોય તે જોગવાઈ રદ કરવામાં આવેલ છે.

રાજ્યભરમાં ફરીથી તીવ્ર ગરમીનો પ્રકોપ

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં ફરીવાર વધારો થયો છે. આજે ગરમીનો પ્રકોપ રહેતા લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૪૨થી પણ ઉપર રહ્યો હતો જેમાં અમરેલીમાં ૪૨.૮, રાજકોટમાં ૪૨.૩, સુરેન્દ્રનગરમાં ૪૨.૮ અને પાટનગર ગાંધીનગરમાં ૪૨.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આની જનજીવન ઉપર પણ પ્રતિકૂળ અસર થઈ હતી. હવામાનમાં વારંવાર ફેરફારની સ્થિતિ હાલમાં જોવા મળી રહી છે. હાલમાં જ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં કરા સાથે વરસાદ પણ પડ્યો હતો. બીજી બાજુ આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે ઈન્ફેક્શનના બનાવોમાં સતત વધારો થતાં લોકોને સાવચેત રહેવા પણ નિષ્ણાત તબીબો સૂચન કરી રહ્યા છે. અમદાવાદમાં આજે પારો ૪૧.૯ સુધી પહોંચી ગયો હતો જે સોમવારના દિવસે ૪૦.૫ ડિગ્રી હતો. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ બપોરના ગાળામાં હાલમાં લોકો વધુ સાહસ કરી રહ્યા નથી. લોકો બહાર નીકળવાનુંટાળી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમીથી લોકો આજે પણ ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ શહેરમાં બપોરમાં જનજીવન પણ ખોરવાયું હતું. ઘણા રસ્તાઓ સુમસામ બન્યા હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય થયેલી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીની પરબ મુકવામાં આવી છે. આ ઉપરાંત પણ સેવાભાવી સક્રિય થયેલી છે. ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રક્ષણ આપવા માટે ખાસ પગલા લેવામાં વ્યસ્ત છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હાલમાં પારો ૪૫ની આસપાસ પહોંચી ગયો હતો અને લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા પરંતુ હવે પારો ગગડ્યો છે.

ઘાટલોડિયા ચાણક્યપુરી શાયોના પાર્ટી પ્લોટમાં કોંગ્રેસ પાટીદાર સમાજનું સંમેલન યોજાયું હતું જેમાં કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પણ વાંચીએ...

અનોખુ જીમ જ્યાં ઉંઘવાથી થશે કેલરી બર્ન

કેલેરી બાળવા માટે લોકો જાતભાતની કસરત કરે છે, પરંતુ જો એવુ કહેવાય કે ઉંઘવાથી પણ કેલેરી બર્ન થાય છે તો ચોક્કસ આશ્ચર્ય થાય. બ્રિટિશ હેલ્થ ક્લબે તાજેતરમાં એક એવી

એક્સરસાઈઝ રજુ કરી છે જેમાં માત્ર નેપ એટલે કે ઝોકું ખાવાથી જ કેલરી બર્ન થાય છે. આ એક્સરસાઈઝને નામ અપાયુ છે નેપરસાઈઝ. આ એક્સરસાઈઝનો પ્રયોગ ડેવિડ લોયડ ક્લબ દ્વારા કરવામાં આવ્યો હતો. ક્લબ દ્વારા ચલાવાતા જીમમાં આ નેપરસાઈઝ કરાવાયા છે. જ્યાં ૪૫ મિનિટ ઉંઘવાથી મગજને બળ મળે છે, મૂડ સારો થાય છે, એટલુ જ નહી કેલરી પણ બર્ન થાય છે.

આ વિદ્યાર્થીનીએ શાળા-કોલેજનું ભણતર એક સાથે પૂર્ણ કર્યું



રેવેના ઓસબોર્ન નામની અમેરિકાની વિદ્યાર્થીની આજકાલ ચર્ચામાં છે. રેવેને શાળા અને કોલેજનુ ભણતર એક સાથે પૂર્ણ કર્યુ છે. અમેરિકામાં આ પ્રકારનો પ્રથમ મામલો છે. તેણે સમાજશાસ્ત્ર વિષયમાં ગ્રેજ્યુએશન કર્યુ છે.

યુ ટ્યુબની સ્ટાર છે ૧૦૬ વર્ષિય મસ્તનમ્મા

આંધ્રપ્રદેશના ૧૦૬ વર્ષિય મસ્તનમ્મા આજકાલ યુ ટ્યુબની સ્ટાર છે. મસ્તાનમ્માનો વીડિયો સમગ્ર દુનિયામાં ફેમસ થઈ ગયો છે. તેઓ આટલા વયોવૃદ્ધ હોવા છતાં તેઓ પારંપરિક રીતે ખુબ જ સ્વાદિષ્ટ ખાવાનુ

બનાવે છે. કંટ્રી ફૂડ નામે તેમનુ ફેસબુક પેજને અઢી લાખથી વધુ લોકોએ સબસ્કાઈબ કર્યુ છે. તેમનો પૌત્ર કે. લક્ષ્મણ તેમની ચેનલનું હેન્ડલીંગ કરે છે. તેઓ યુ -ટ્યુબની સૌથી વધુ ઉંમર ધરાવતી યુ-ટ્યુબર બની ગઈ છે.

એમબી શાહ કમિશન રિપોર્ટ મુદ્દે સત્ર લંબાવવાની માંગણી

અમદાવાદ, તા. ૨

ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમ્યાન જમીન ફાળવણી સહિતના ૧૭ મુદ્દાઓમાં અંદાજે એક લાખ કરોડના કથિત કૌભાંડ અંગે રાજય સરકાર દ્વારા નીમાયેલા જસ્ટિસ એમ.બી. શાહ કમીશનના રિપોર્ટ પર ચર્ચા-વિચારણા કરવા અનેતેની વિગતો જાહેર કરવા વિધાનસભાનુંસત્ર તા.૧૦ અને ૧૧ મે સુધી લંબાવવા માંગણી કરાઈ છે. સામાજિક કાર્યકર અને આરટીઆઈ એકટીવીસ્ટ ચંદ્રવદન ધ્રુવ દ્વારા રાજય સરકાર, રાજયપાલ, વિધાનસભા અધ્યક્ષ, ગુજરાત હાઈકોર્ટ સહિતના સંબંધિત સત્તાવાળાઓને આ અંગેની જાણ કરી છે. અરજદારે વિધાનસભા સત્ર ના લંબાવાય તો એમ.બી. શાહ કમીશનના રિપોર્ટના મુદ્દે વિશેષ સત્ર બોલાવવા પણ માંગ કરી છે. અરજદાર દ્વારા ઉપરોકત સત્તાવાળાઓને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમ્યાન જમીન ફાળવણી સહિતના ૧૭ મુદ્દાઓમાં અંદાજે રૂ. એક લાખ કરોડના કથિત કૌભાંડ અંગેના આક્ષેપો થયા હતા. જેની તપાસ માટે ખુદ મુખ્યમંત્રી મોદીએ જાતે જ એમ. બી. શાહ કમીશનની રચના કરી હતી. આ કમીશનનો રિપોર્ટ તૈયાર થવામાં ઘણો વિલંબ થયો છે. વિરોધપક્ષ દ્વારા આ રિપોર્ટ ગૃહમાં રજૂ કરવાની વારંવારની માંગણી છતાં આ રિપોર્ટ ગૃહમાં રજૂ કરાયો ન હતો. ૨૦૧૭ના બજેટસત્રમાં પણ શાહ કમીશનનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરવા વિપક્ષ દ્વારા ઉગ્ર માંગણી થતાં વિપક્ષ કોંગ્રેસના તમામ સભ્યોને વિધાનસભા અધ્યક્ષ દ્વારા સસ્પેન્ડ કરી દેવાયા હતા. ત્યારબાદ એમ.બી.શાહ કમીશનનો રિપોર્ટ વિપક્ષની ગેરહાજરીમાં રજૂ કરી દેવાયો હતો.

દેશ લાલઘુમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી ચુક્યો છે. વારંવાર આ પ્રકારના હુમલાથી લોકોમાં આક્રોશ છે. વધુમાં સૈનિકોના મૃતદેહ સાથે બર્બરતા કરવામાં આવી રહી છે. આના કારણે લોકોમાં નારાજગી વધારે જોવા મળી રહી છે. કારણ એ છે કે, સરકાર પણ હવે જુદા જુદા વિકલ્પો ઉપર વિચારણા કરી રહી છે. લોકો પાકિસ્તાની નારેબાજી કરવા મેદાનમાં આવી ગયા છે. ભારતીય સેનાને પણ દેશના લોકો અપીલ કરી રહ્યા છે કે, આગળ વધીને જડબાતોડ જવાબ આપવામાં આવે. ભારતીય સેનાને જવાબી હુમલા કરવા સતત કહેવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી વારંવાર આ પ્રકારના ક્રૂરતાપૂર્વકના વર્તન કરવામાં આવી રહ્યા છે. સરકારને હવે માત્ર લોકો તરફથી જ નહીં બલ્કે વિરોધ પક્ષો તરફથી પણ નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસના રણદીપ સૂરજેવાલાએ ટ્વીટ કરીને કહ્યું છે કે, મોદી હવે કાર્યવાહી કરવાના મામલામાં આગળ આવે. જમ્મુ કાશ્મીરમાં ૨૦૦ જવાનો શહીદ થઈ ચુક્યા છે. પાકિસ્તાને ફરી બે સૈનિકો સાથે કાયરતાપૂર્વકનું કૃત્ય કર્યું છે. ૫૬ ઇંચની છાતી દર્શાવવાનો હવે સમય આવી ગયો છે. ભારતમાં આ ઘટનાને લઈને આક્રોશ છે. પાકિસ્તાનના અધિકારી પ્રશ્નોના જવાબ આપવા તૈયાર નથી. પાકિસ્તાનના હાઈકમિશનર અબ્દુલ બાસીતને જ્યારે આ સંબંધમાં પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેઓ બચીને નિકળી ગયા હતા.

જોરદાર વિરોધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યા વગર ભારતીય ડીજીએમઓ લેફ્ટી જનરલ ભટ્ટે પાકિસ્તાન સમકક્ષને કઠોર શબ્દોમાં માહિતી આપવામાં આવી હતી. ડીજીએમઓ ભારતીય સેનાએ એમપણ કહ્યું છે કે, પોકમાં એલસી નજીક બીએટી ટ્રેનિંગ કેમ્પની ઉપસ્થિત રહેલી છે જેને લઈને ભારત ચિંતિત છે. ડીજીએમઓ ભારતીય સેનાએ એમ પણ કહ્યું છે કે, આ પ્રકારના કાયરતાપૂર્વકના કૃત્ય અને અમાનવીય અત્યાચાર કોઈપણ ધારાધોરણમાં આવતા નથી. ભટ્ટે ઉમેર્યું હતું કે, અંકુશ રેખા નજીક બીએટી ટ્રેનિંગ કેમ્પનો મુદ્દો પણ પાકિસ્તાન માટે ધ્યાન આપવા જેવો છે. બીજી બાજુ પાકિસ્તાની સેનાએ ફરી એકવાર આ પ્રકારના આક્ષેપોને રદિયો આપ્યો છે. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે કરાયેલા હુમલામાં નાયબ સુબેદાર પરમજીત સિંહ (૨૨ સીખ ઈન્ફેન્ટ્રી) અને હેડકોન્સ્ટેબલ પ્રેમસાગર (બીએસએફની ૨૦૦મી બટાલિયન) શહીદ થયા હતા.

અંતિમ સંસ્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બે ભારતીય શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપતા ગૃહરાજયમંત્રી કિરણ રિજીજુએ કહ્યું હતું કે, બંને જવાનના પરિવાર સાથે દેશના લોકો છે. દિલ્હી વિમાની મથકે અગાઉ તેમના મૃતદેહને લાવવામાં આવ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કિરણ રિજીજુએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. બીજી બાજુ પ્રેમસાગરના મૃતદેહને ઉત્તર પ્રદેશમાં તેમના વતન ગામ લઈ જવામાં આવ્યો હતો. બીજી બાજુ પરમજીતના અંતિમસંસ્કાર વેળા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. અંતિમસંસ્કાર વેળા જવાનોના પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. પાકિસ્તાની સ્પેશિયલ ફોર્સની ટીમ ગઈકાલે પૂંચ સેક્ટરમાં એલઓસીની અંદર ૨૫૦ મીટર સુધી ઘુસી ગઈ હતી અને બે ભારતીય જવાનોના માથા કાપી નાંખવામાં આવ્યા હતા. પરમજીતસિંહ તેમના વયોવૃદ્ધ માતા-પિતા ઉધમસિંહ અને ગુરિન્દરકૌર તથા પત્નિ પરમજીતકૌર અને ત્રણ નાના બાળકોને છોડીને ગયા છે. આ તમામ બાળકોની વય ૧૧થી ૧૪ વર્ષની વચ્ચે છે. પરમજીત કૌરે કહ્યું છે કે, સેના આક્રમક જવાબ આપે તે જરૂરી છે. પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાની પણ માંગ કરી છે. અમારી સરકાર એક વખતે કહેતી હતી કે જો પાકિસ્તાન એક સૈનિકનું માથુ કાપશે તો દુશ્મનના ૧૦ જવાનોના માથા કાપવામાં આવશે પરંતુ હવે શું થયું છે.

તપાસ ટુકડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક અધિકારીએ કહ્યું છે કે, ભારતીય તપાસ સંસ્થાઓ ત્યાં અદાલતમાં વિજય માલ્યા તરફથી દાખલ કરવામાં આવેલી અરજીદારોના વિરોધમાં બ્રિટિશ પક્ષોને મદદ કરે છે. ભારતીય ટીમે બ્રિટનમાં મોકલવા પાછળનો હેતુ એ છે કે, માલ્યાના પ્રત્યાર્પણ માટે ત્યાંની કોર્ટમાં મજબૂત કેસ બનાવી શકાય. અત્રે નોંધનીય છે કે, ૬૧ વર્ષીય વિજય માલ્યા ભારતમાંથી ફરાર થઈ ગયા બાદ ભારતમાં તેમના પ્રત્યાર્પણને લઈને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ભારતની વિનંતી બાદ ગયા મહિનામાં બ્રિટનના અધિકારીઓ દ્વારા માલ્યાની ધરપકડ કરવામાં આવી હતી. જો કે, લંડનની એક અદાલતે કલાકોના ગાળામાં જ વિજય માલ્યાને જામીન ઉપર છોડી મુક્યા હતા. આ મામલામાં હવે ૧૭મી મેના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ ધરપકડ આઈડીડીઆઈ બેંકના ૯૦૦ કરોડ રૂપિયાની લોનની ચુકવણી નહીં કરવા સાથે સંબંધિત હતી. આ સમગ્ર મામલામાં સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. માલ્યાની હાલમાં બંધ રહેલી કિંગફિશર એરલાઈન્સ ઉપર પણ જુદી જુદી બેંકોના વ્યાજ સહિત ૯૦૦૦ કરોડ રૂપિયાનું દેવું થયેલું છે. માલ્યા બીજી માર્ચ ૨૦૧૬ના દિવસે બ્રિટન ફરાર થઈ ગયા હતા. સીબીઆઈએ તેમની સામે બે કેસ દાખલ કર્યા હતા.

શરમજનક વર્તન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબંધિત છે. તેમણે ઉમેર્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સમુદાય કાશ્મીર મામલામાં દરમિયાનગીરી કરે તે જરૂરી છે. પાકિસ્તાનના નવાઝ શરીફ હાલમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. નવાઝ શરીફ સરકાર અને પાકિસ્તાની સેના વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. પાકિસ્તાની સેના ઈચ્છતી નથી કે, ભારત અને પાકિસ્તાનના સંબંધ સામાન્ય બને. નિષ્ણાતો સરહદ ઉપર અમાનવીય કૃત્યને આ સાથે જ જોડે છે. પાકિસ્તાની સેના પ્રમુખ કમર જાવેદ બાજવાએ રવિવારના દિવસે અંકુશરેખા નજીક પાકિસ્તાની ચોકીઓની મુલાકાત લીધી હતી. તેમની ચોકીઓ તરફથી યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. ભારતીય ચોકીઓ ઉપર રોકેટ લોન્ચર અને મોર્ટાર ઝીંકવામાં આવ્યા હતા.

નવો મંત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે સરકાર બનાવવા માટેના ઈરાદા સાથે રાજનીતિમાં આવ્યા નથી. સમગ્ર દેશમાં વિસ્તાર કરવાની યોજના છે. કાર્યકરોની જવાબદારી છે કે, સંગઠનના વિસ્તારને સ્થાયી રાખવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવે. દરેક બુથમાં સ્થિરતા રાખવાના પ્રયાસ જરૂરી છે જે લોકો હજુ ભાજપ સાથે જોડાયા નથી તે લોકોને જોડવાના પ્રયાસ કરવામાં આવે. વિજય કેટલીક વખત અહંકારની ભાવના જન્માવે છે. ઉત્તર પ્રદેશમાં યોગીને મુખ્યમંત્રી બનાવવા માટેનો હેતુ પરિવર્તન લાવવાનો છે.

પાણીનો બગાડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવે છે. જયારે સચિવાલય સહીત નગરની સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ થતો જોવા મળે છે. પાણીના સપ્લાય સામે પ્રતિદિન ૬૦ થી ૬૫ લાખ લીટર પાણીનો બગાડ થતો હોવાનો અંદાજ છે. સપ્લાયની સામે ૧૦ ટકા પાણીનો બગાડ થતા તંત્રના અધિકારીઓ માટે પણ પાણીનો વેડફાટ ચિંતાનો વિષય બન્યો છે. આ માટે સ્થાનિક નાગરિકોની જાગૃતતા અને મીટર પ્રથાનો અમલ અનિવાર્ય હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

દરમાં સુધાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરી પાડવા જણાંવાયુ છે. જેમાં સેકટરવાસીઓ તેમજ જી આઈ ડી સી ના વસાહતીઓને બાંધકામમાં વધારો થયો હોય તેવા કિસ્સામાં નકશા સહીતની વિગતો પાટનગર યોજના વિભાગના પેટા વિભાગ નં-૧૮ અને ૧૦માં સુપ્રત કરવા જણાંવાયુ છે. જેના અંતે પાણી ગટર વેરામાં બાંધકામ વિસ્તાર પ્રમાણે નિયત દરમાં જરૂરી સુધારો કરી શકાય.

રોજગારી મેળવે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સરકારે આ અહેવાલને આધારે રાજ્યના વિવિધ શહેરોમાં આવા વેન્ડરોને પોલીસી બનાવી લાયસન્સ આપવાની બાબતે વિચારણા હાથ ધરી છે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશનને પોલીસી તૈયાર કરવાની કામગીરી પણ સુપ્રત કરી છે. આજે અર્બન લાઈવલી હૂડ મિશને આ પોલીસી અંગેનો ડ્રાફ્ટ તૈયાર કરી વિવિધ શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને ચર્ચા માટે બોલાવી હતી.

આ નવી પોલીસીમાં વેન્ડરોનું પણ સંગઠન બને તેની પણ લોકશાહી પદ્ધતિથી ચૂંટણી કરવા સહિતની બાબતો સમાવી ડ્રાફ્ટ પેપર રજુ કર્યુ હતુ. જેમાં નક્કી થયા મુજબ ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં આવા વેન્ડરોને લાયસન્સ આપવાની દિશામાં હકારાત્મક રીતે વિચારણા કરવાના સંકેતો આપવામાં આવ્યાનું જાણવા મળેલ છે.